1. સંસ્કૃતિમાં કઈ બાબતોનો સમાવેશ થાય છે?

- સંસ્કૃતિમાં કલા, વિજ્ઞાન, યંત્રવિજ્ઞાન, તત્ત્વજ્ઞાન, ભાષા, સાહિત્ય વગેરે તથા સામાજિક સંગઠનતંત્રનાં સ્વરૂપો, રચના અને કાર્યોમાં આવતા પરિવર્તનનો સમાવેશ થાય છે.

2. સંસ્કૃતિકરણની પ્રક્રિયા દરમિયાન સંઘર્ષ અને વિરોધ કેમ થાય છે? (March 19)

- સંસકૃતિકરણની પ્રક્રિયા દરમિયાન જ્યારે અનુકરણ કરતા જ્ઞાતિઓમાં આવેલાં પરિવર્તનોનો ઉપલી જ્ઞાતિઓ વિરોધ કરે છે અને નિમ્ન જ્ઞાતિના દાવાનો અસ્વીકાર કરે છે. આમ, સંસ્કૃતિ કરણની પ્રક્રિયા દરમિયાન જ્ઞાતિ વૈશાતિ વચ્ચે સંઘર્ષ અને વિરોધ જોવા મળે છે.

3. સંસ્કૃતિકરણની પ્રક્રિયા શાથી દ્વિમાગી છે?

- સંસ્કૃતિકરણની પ્રક્રિયા દરમિયાન એક તરફ નિમ્ન જ્ઞાતિઓ તેમનાથી ઉચ્ચ ગણાતી શાતિઓનો દરજ્જો અપનાવી ગતિશીલતા સર્જે છે તો બીજી તરફ આમ કરવા જતાં પોતાની શાતિની કેટલીક સારી બાબતોનો ત્યાગ કરે છે. દા. ત., ઉપલી જ્ઞાતિઓમાં વિધવા વિવાહ પર પ્રતિબંધ હતો. તેમનું અનુકરણ કરીને કેટલીક નિમ્ન શાતિઓએ વિધવા પુનઃલગ્ન અને છુટાછેડા જેવા રિવાજો બંધ કર્યા.

4. પશ્ચિમીકરણમાં કઈ ત્રણ બાબતોનો સમાવેશ કરવામાં આવે છે?

- પશ્ચિમીકરણમાં આ ત્રણ બાબતોનો સમાવેશ કરવામાં આવે છે : 1) યંત્રવિદ્યા અને વિજ્ઞાનનો સમાવેશ થાય છે. (2) સંસ્થાઓ, વિચારસરણી, મૂલ્યો વગેરેનો સમાવેશ થાય છે. અને (3) ચીજવસ્તુ, ભાષા વગેરેનો ઉપયોગ થાય છે.

5. બ્રિટિશ શાસન દરમિયાન ભારતના ગ્રામીણ વિસ્તારોમાં કઈ રીતે નવા ભૂમિ સંબંધો સ્થપાયા?

- બ્રિટિશ શાસન દરમિયાન ભારતના ગ્રામીણ વિસ્તારોમાં જમીનમાલિકી અને મહેસૂલ ઉઘરાવવાના હેતુથી જમીનદારી અને રૈયતવારી જેવી વ્યવસ્થાઓ દાખલ કરવામાં આવી. પરિણામે ભારતના ગ્રામીણ વિસ્તારોમાં નવા ભૂમિ સંબંધો સ્થપાયા.

6. ભારતમાં નિકાસવૃદ્ધિ કેમ ધીમી થઈ ગઈ?

- ‘વિશ્વ વ્યાપાર સંગઠન’ની શરતોનું પાલન કરવાથી આયાતજકાતો મોટા પ્રમાણમાં ઘટાડવામાં આવી અને આયાત પ્રમાણ ઉદાર બનાવવામાં આવ્યા. તેના પરિણામે ભારતમાં નિકાસવૃદ્ધિ ધીમી થઈ ગઈ.

7. સાંસ્કૃતિક પરિવર્તનના મુખ્ય સ્રોત કયા છે?

- ધર્મ, સાહિત્ય, કલા વગેર સાંસ્કૃતિક પરિવર્તનના મુખ્ય સ્રોત છે.

8. ભૌતિક સંસ્કૃતિમાં કઈ બાબતોનો સમાવેશ થાય છે?

- ભૌતિક સંસ્કૃતિમાં ફર્નિચર, યંત્રો, મકાનો વગેરે બાબતોનો સમાવેશ થાય છે.

9. અભૌતિક સંસ્કૃતિમાં કઈ બાબતોનો સમાવેશ થાય છે? (July 18)
- અભૌતિક સંસ્કૃતિમાં ચિત્રકલા, નૃત્યકલા, જ્ઞાન, ભાષા વગેરે બાબતોનો સમાવેશ થાય છે.

10. સંસ્કૃતિકરણનો ખ્યાલ કોણે આપ્યો?
- સંસ્કૃતિકરણનો ખ્યાલ ડૉ. એમ. એમ. શ્રીનિવાસે આપ્યો.

11. પશ્ચિમીકરણ પ્રક્રિયાનો પ્રારંભ ક્યારથી થયો?
- પશ્ચિમીકરણ પ્રક્રિયાનો પ્રારંભ યુરોપિયન પ્રજાના સંપર્કથી થયો.

12. વૈશ્વિકીકરણને 'જટિલ પ્રક્રિયા' કેમ કહેવાય છે?
- વૈશ્વિકીકરણ જટિલ પ્રક્રિયા કહેવાય છે, કેમ કે વૈશ્વિકીકરણ સાથે ઉધરીકરણ અને ખાનગીકરણ ગાઢ રીતે સંકળાયેલા છે અને પરસ્પર અસર કરે છે. વૈશ્વિકીકરણ કારણ અને પરિણામ બને રીતે અસર કરે છે.

13. ઉદારીકરણની શરૂઆત ભારતમાં કઈ સાલથી થઈ? (March 19)
- ભારતમાં ઉદારીકરણની શરૂઆત ઈ. સ. 1991થી થઈ.

14. પશ્ચિમીકરણનો ખ્યાલ શ્રીનિવાસે ક્યા પુસ્તકમાં આપ્યો છે ? (July 18)
- પશ્ચિમીકરણનો ખ્યાલ શ્રીનિવાસે 'આધુનિક ભારતમાં સામાજિક પરિવર્તન' નામના પુસ્તકમાં આપ્યો છે.

15. 'સાંસ્કૃતિક પરિવર્તન' એટલે શું?
- કલા, વિજ્ઞાન, તત્ત્વજ્ઞાન વગેરે સંસ્કૃતિનાં તત્ત્વોમાં આવતા પરિવર્તનને સાંસ્કૃતિક પરિવર્તન કહે છે.

16. ક્યા આદિવાસી સમૂહો ઉપલી જ્ઞાતિઓનું અનુકરણ કરી જ્ઞાતિનો દરજ્જો મેળવવાનો દાવો કરે છે?
- પશ્ચિમ ભારતમાં 'ભીલ' અને મધ્ય ભારતમાં 'ગોન્ડ', 'હો' અને 'ઉરાવ' આદિવાસી સમૂહો ઉપલી જ્ઞાતિઓનું અનુકરણ કરી જ્ઞાતિનો દરજ્જો મેળવવાનો દાવો કરે છે.

17. ગુજરાતમાં સ્થાનિક રીતે કેટલાક વિસ્તારમાં કઈ જ્ઞાતિઓ પ્રભાવી જ્ઞાતિનો દરજ્જો ધરાવે છે?
- ગુજરાતમાં સ્થાનિક રીતે કેટલાક વિસ્તારમાં ક્ષત્રિય અને પાટીદારો પ્રભાવી જ્ઞાતિનો દરજ્જો ધરાવે છે.

18. વૈશ્વિકીકરણની પ્રક્રિયાએ કયાં નવાં આંદોલનોને જન્મ આપ્યો છે ? (March 19).
- વૈશ્વિકીકરણની પ્રક્રિયામાં મહિલાઓનાં આંદોલન અને માનવ અધિકાર અંગેના આંદોલનોને જન્મ આપ્યો છે.

19. ભૌતિક સંસ્કૃતિ એટલે શું?

- ‘ભૌતિક સંસ્કૃતિ’ એટલે ફર્નિચર, યંત્રો, મકાન વગેરે. ભૌતિક પાસાંમાં આવતું પરિવર્તન એ સાંસ્કૃતિક પરિવર્તન છે.’

20. ‘અભૌતિક સંસ્કૃતિ’ એટલે શું?

- ‘અભૌતિક સંસ્કૃતિ’ એટલે ચિત્રકલા, નૃત્યકલા, જ્ઞાન, ભાષા વગેરે. અભૌતિક પાસાંમાં આવતું પરિવર્તન એ સાંસ્કૃતિક પરિવર્તન છે.

21. પ્રભાવી જ્ઞાતિનો ખ્યાલ કોણે અને ક્યારે આપ્યો ? (March 18)

- પ્રભાવી જ્ઞાતિનો ખ્યાલ ડૉ. એમ. એમ. શ્રીનિવાસે ઈ. સ. 1955માં તેમના પુસ્તક ’ધ સોસ્યલ સિસ્ટિમ ઑફ અ મૈસૂર વિલેજ’માં આપ્યો.